## પાઠ : ૨૨ – સમવાય

**પ્રસ્તાવના**

દુનિયામાં બનતી બધી ઘટનાઓ માટે કોણ જવાબદાર છે ? હેજલ કહે છે કે 'ઈતિહાસ.' માર્ક્સ કહે છે કે 'પધ્ધતિ.'(વ્યવસ્થા) વિશ્વમાં બનતી ઘટનાઓ માટે જવાબદાર કોણ અથવા કયા કારણોસર થાય છે તે પ્રશ્નોના અનેક વિરોધાભાસી જવાબો મળે છે. એકજ કારણને લીધે કોઈ બનાવ બનતો નથી, તેમાં એકથી વધારે પરિબળો કામ કરતા હોય છે. જૈન ફિલસુફી પ્રમાણે કોઈ પણ ઘટનાની પાછળ પાંચ પરિબળો જવાબદાર હોય છે, જેને પંચસમવાય કહેવાય છે.

ઘણી ફિલસુફી એમ માને છે કે જે થાય છે તેમાં ભગવાનની મરજી છે. તેઓ વિચારે છે કે,

– ભગવાને દુનિયા બનાવી છે.

– ભગવાન દુનિયા ચલાવે છે.

– ભગવાન નક્કી કરે છે કે કોને શું મળશે ?

આ પ્રકારની માન્યતા જૈન તત્વજ્ઞાન સાથે સુમેળ નથી ખાતી. જૈન દર્શન ૬ દ્રવ્યમાં માને છે, બ્રહ્માંડ અનાદિ અનંત છે એમ માને છે. ૬ દ્રવ્યઃ જીવાસ્તિકાય(આત્મા), પુદ્ગલ(અજીવાસ્તિકાય), ધર્માસ્તિકાય (ગતિ સહાયક), અધર્માસ્તિકાય (સ્થિરતા સહાયક), આકાસ્તિકાય (અવગાહના સહાયક), કાળ (સમય). આ છ દ્રવ્યની રચના કરી શકાતી નથી કે તેમનો નાશ નથી કરી શકાતો. બ્રહ્માંડને કોઈ ચલાવતું નથી. બધા જીવો પોતાના કર્મો પ્રમાણે ક્રિયા કરે છે અથવા ભોગવે છે.

**સમવાય :**

દરેક ઘટના પાછળ જવાબદાર પાંચ કારણોના સમૂહને સમવાય કહે છે. તે ઘટના અને કારણનો સંબંધ સ્થાપિત કરે છે. વગર કારણ કોઈ ઘટના ઘટતી નથી. બ્રહ્માંડમાં જે બને છે તેનો આ પાંચ કારણો સાથે ઊંડો સંબંધ છે. તેઓ સકારાત્મક અને નકારાત્મક બંને ઘટના માટે જવાબદાર છે. જૈન ધર્મ સખત કર્મવાદમાં માને છે પરંતુ ફક્ત કર્મ જ આના માટે જવાબદાર નથી. પાંચ સમવાય આ પ્રમાણે છે : ૧)કાળ, ૨)સ્વભાવ, ૩)નિયતિ, ૪)નિમિત (પૂર્વ કર્મ), ૫)પુરુષાર્થ.

થોડા ઘણા લોકો આ પાંચ માંથી એક જ કારણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને બીજાને ગૌણ કહે છે. અનેકાંતવાદનો સિધ્ધાંત એક થી વધારે દ્રષ્ટિકોણ પર આધારીત છે અને વસ્તુને એક જ અભિગમથી જોવાની દ્રષ્ટિને નકારે છે. જૈન ફિલસૂફી દરેક કારણનું મહત્વ સમજાવે છે. અનેકાંતવાદના દ્રષ્ટિકોણથી પાંચ સમવાયનો સમૂહ કોઈપણ ઘટનાનું કારણ છે જેના વગર કોઈપણ ઘટના ઘટી ન શકે.

**૧) કાળ :**

બ્રહ્માંડમાં જે કાંઈપણ થાય છે એને સમય ક્રમબધ્ધ કરે છે. ઉદાહરણ સ્વરૂપે કર્મ જે પ્રવૃતિથી

આત્માને ચોંટે છે તે તરત જ ઉદયમાં આવતા નથી. કર્મના ફળ તેની તીવ્રતાને આધારે સમયાનુસાર ઉદયમાં આવે છે.

કર્મને તેના ફળ આપવા માટે કાળને આધીન રહેવું પડે છે. વૃક્ષ વાવીયા પછી તરત જ ફળ આપતું નથી. બીજ માટીમાં નાખ્યા પછી તે તેના ચોક્કસ સમયે જ વૃક્ષ બને છે. પ્રકૃતિમાં બદલાવ લાવવા કે પરિવર્તન માટે કાળને આધીન જ રહેવું પડે છે.

સમય આ બધાને વશમાં રાખે છે. સમયકાળ પાકયા વગર કશું થતું નથી. જો સમયની ગણતરી ન હોય તો બી, કલમ, ફળ બધું એક પછી એક તરત જ થઈ જાત. આપણે આ માનવું જ રહ્યું કે સમય દરેક ઘટનામાં મહત્વનું અંગ છે. કર્મફળનો પણ સમય હોય છે તેમાં ઉતાવળ ન ચાલે. તો પણ પુરુષાર્થ દ્વારા કાળમાં ફેરફાર કરવાની શકિત આપણામાં રહેલી છે.

**૨) સ્વભાવ :**

બધા દ્રવ્યનો પોતાનો આગવો સ્વભાવ હોય છે અને તેની અસર તે પેદા કરે છે. સમય બધું જ નથી. સારા સમય આવ્યા પછી પણ ઘણા બી અંકુરીત થતા નથી. કાંટા શા માટે અણીયારા છે ? લગભગ બધા જ ફૂલોના સુંદર રંગ શા માટે છે ? થોડા પ્રાણીઓ શા માટે ક્રુર છે ? થોડા પ્રાણીઓ ચપળ છે અને તરત ભાગી જાય છે ? કૂતરા શા માટે ભસે છે ? આ બધાનો એક જ જવાબ છે ‘સ્વભાવ’. ઉપરના બધા ઉદાહરણમાં તેમનો સ્વભાવ મહત્વનું કારણ છે. મૂળભૂત સ્વભાવની અસર જેટલી છે એટલી સમય, પુરુષાર્થ વગેરેની નથી. પોતાના મૂળભૂત સ્વભાવના આધારે ભાવના નિર્માણ થશે એટલે નિશંકાપણે મૂળભૂત સ્વભાવ ઘટનાના કારણમાં વધુ મહત્વનો છે.

આત્મા મોક્ષ પામી શકે છે કારણ કે તે તેનો મૂળભૂત સ્વભાવ છે. આશ્ચર્યજનક વસ્તુ એ છે સંસારી જીવ જે શુધ્ધ સ્વભાવમાંથી બહાર નીકળી શકે છે તે સિવાયના બધા દ્રવ્યો પોતાનો સ્વભાવ બદલતા નથી. સ્વભાવ બદલાવીએ તો થઈ રહેલી ઘટનામાં ફેરફાર કરવાની આપણામાં તાકાત છે.

**૩) નિયતી :**

આ દુનિયામાં ઘણી વસ્તુઓ પહેલેથી નક્કી જ છે અને તેને બદલી શકાતી નથી. આવી પરિસ્થિતીમાં જે પહેલેથી નક્કી છે તે જ બનશે, જે થવાનું હશે તે થઈને જ રહેશે. આ પરિસ્થિતીમાં આપણા પ્રયત્નો હોવા છતા બદલાવ અશકય છે. દા.ત. બધા પ્રયત્નો છતા ઊંમર ઊંમરનું કામ કરે જ છે. આપણે લાખ પ્રયત્નો છતાં કોઈની જીંદગી હંમેશ માટે બચાવી નથી શકતા. સામાન્ય રીતે જીવનમાં અનેક ઘટના પર આપણો કાબુ હોય છે પરંતુ થોડી ચીજો આપણા કાબુની બહાર છે.

અમુક પ્રકારના કર્મોના સંબંધમાં નિયતી મહત્વની છે ખાસ કરીને જે કર્મો બદલી ન શકાતા હોય તે કર્મો જેને જૈન શાસ્ત્રોમાં નિકાચિત કર્મો કહેવાય છે. નિકાચિત કર્મો એ છે જે ટાળી નથી શકાતા અને ઉદયમાં આવ્યા પછી તે વ્યકિતને પીડા કે આનંદ આપે જ છે. આ કર્મનું ફળ છે એને નિયતી કહેવાય છે. (જે નક્કી જ છે બદલી શકાતું નથી) જો કે આ સમયે પણ સમતાભાવ શ્રેષ્ઠ ઉપચાર

છે અને તે સ્વભાવથી કેળવવાનો છે.

**૪) નિમિત અથવા પ્રારબ્ધ :**

નિમિત એટલે દેખાતું કારણ, જે ઘટના માટે જવાબદાર બનનાર છે જેનું મુખ્ય કારણ પૂર્વ કર્મ હોય છે. કોઈ ઘટનાના એકથી વધુ કારણ પણ હોઈ શકે. નિમિત બાહ્ય (વ્યકિત, વસ્તુ) કે આંતરીક (કર્મ) હોઇ શકે. ગુરુના ઉપદેશ અથવા કોઈ ઘટના પણ બાહ્ય કારણ હોય છે.

આનંદ, દુઃખ કે અન્ય સ્થિતી જે આપણને સંબંધિત છે તે આપણા કર્મો ને લીધે છે. કયારેક આપણે જોઈએ છીએ કે સારા કર્મોનો ખરાબ બદલો અને ખરાબ કર્મોનો સારો બદલો મળે છે. આ દેખીતા વિરોધાભાસની પાછળ પૂર્વ કર્મોનો ફાળો છે. બધી વિચિત્ર ઘટના કે દુઃખ સુખની લાગણી પૂર્વના બાંધેલા કર્મોના ઉદયનું ફળ છે. દા.ત. માતાએ જોડિયા પુત્રને જન્મ આપે છે, બંને એકબીજાથી અલગ હોય છે તે કર્મના લીધે. શ્રીમંત ગરીબ થઈ જાય છે, ગરીબ શ્રીમંત થઈ જાય છે અને કયારેક પૈસાદાર હજી વધુ પૈસાદાર અને ગરીબ હજી વધુ ગરીબ થઈ જાય છે આ પણ પોતપોતાના કર્મોનું ફળ છે.

જયારે વ્યકિત કે વ્યકિતના જુથમાં વિચિત્ર ઘટનાઓ ઘટે છેત્યારે તે નસીબ તરીકે વર્ણવવામાં આવે છે. ખરેખર આ ઘટનાથી આપણને પૂર્વ કર્મની જાણ થાય છે. આપણી સાથે જે કાંઈ બને તેમાં જેટલો ફાળો નિમિત્તનો હોય તેનાથી વધારે ફાળો આપણા કર્મના ઉદયનો હોય શકે.

**૫)પુરુષાર્થ :**

પુરુષાર્થ કે સ્વપ્રયત્નોનું પંચ સમવાયમાં આગવું સ્થાન છે. જયાં સુધી મનુષ્ય કાળ, નિયતી કે નસીબ પર આધાર રાખીને બેસે ત્યાં સુધી પ્રગતિ નહી થાય, પ્રયત્નશીલ ન હોય તો પ્રગતિ ન થાય. માનવ જાતની પ્રગતિનું કારણ પ્રયત્નો અને કોઠાસુજ છે. પ્રયત્ન વગર વિકાસ શકય નથી.

આ પાંચ કારણોમાંથી સૌથી મહત્વનું કયું છે ? કયું સૌથી વધારે અસરકારક છે ? આ બધા સવાલોના જવાબમાં વિરોધાભાસ છે જે આજનો નથી, સૈકાઓ જૂનો છે, આના માટે દલીલ થાય જ છે. જે એકને ટેકો આપે છે તે બીજા પરીબળોને નકારે છે. જૈન ફિલસુફી એક જ દ્રષ્ટિકોણથી આ પાંચ પરિબળોને નથી માનતી અને આ બધા જ સાચા છે એમ પણ નથી માનતી. જૈન ફિલસુફીમાં પાંચે પાંચ ને માન્યતા છે અને તેની સર્વાંગી અસરમાં માને છે. આપણે આ બધાની દરેક અસર સમજવી જરૂરી છે. આ બધા પરિબળો એક સરખા મહત્વના ન હોઈ શકે પણ પાંચે પાંચ પરિબળો કોઈપણ ઘટના માટે હોવા જરૂરી જ છે, એક ઘટના માટે એક કારણ મુખ્ય હોઈ શકે અને બીજા તેને ટેકો અથવા ગૌણ હોઈ શકે.

જૈન ફિલસુફી પુરુષાર્થને વધારે મહત્વ આપે છે. કારણકે એ જ વ્યકિતના હાથમાં છે. પુરુષાર્થ કર્મને બદલી શકે છે અને નાશ પણ કરી શકે છે. ભૂતકાળનો પુરુષાર્થ હમણાનું કર્મ છે અને હમણાનો પુરુષાર્થ ભવિષ્યનું કર્મ છે. આપણે જો નિરંતર પુરુષાર્થ કરી કર્મો ખેરવીએ તો નસીબ

સુધરી શકે છે. પુરુષાર્થથી સ્વભાવમાં અને કાળમાં પરિવર્તન લાવી શકાય. નિમિતોની પસંદગી કરી શકાય અને નિયતી સમયે સમભાવ રાખી શકાય.

આપણે પુરુષાર્થને બિરાદાવવો જરૂરી છે. જે લોકો કર્મને સર્વોપરી માને છે તેણે એ સમજવું જોઈએ કે કર્મોને કોણે નિર્માણ કર્યા છે ? આત્માના કષાય અને ક્રિયાથી જ કર્મો બંધાય છે, કર્મોથી જ જીવ જન્મ મરણના ચક્રમાં ભટકે છે. જયારે જીવ પુરુષાર્થ કરે છે ત્યારે તે પૂર્ણપણે કર્મનો ક્ષય કરી મુકિત મેળવે છે. મુકિત માટે ફકત કર્મનો ક્ષય જરૂરી છે અને માનવીના પુરુષાર્થથી જ કર્મથી મુકિત મળે છે. જયારે વ્યકિતનું ધ્યાન આ અસામાન્ય એવા પુરુષાર્થ પર જાય છે ત્યારે તેને ફકત કર્મને મહત્વ આપવું વ્યાજબી નથી લાગતું એટલા માટે જ્ઞાનીઓ કહે છે કે કર્મનો નાશ કરવાના માધ્યમ એક જ છે એ છે દ્રઢ નિશ્ચય, મન, વચન અને કાયાની પ્રવૃતિ શુભ અને શુધ્ધ રાખવી. જયારે આધ્યાત્મિક, સારા, પવિત્ર અને કરૂણાસભર કાર્યો કરવા. જેઓ ફકત કર્મ પર અવલંબે છે તેઓ પરાધીન બની જાય છે એટલે તેમને સફળતા મળતી નથી.

પુરુષાર્થને સમય, સ્વભાવ વગેરે પર આધાર રાખવો પડે છે પરંતુ એ વિજયનો સૌથી અસરકારક રસ્તો છે.

**સમવાયની વ્યાપકતા :**

પાંચ માંથી કોઈ એક કારણનો મત બાંધવો એ જૈન ફિલસૂફીનું અજ્ઞાન પ્રદર્ષિત કરે છે કારણકે જૈન દર્શન અનેકાંતી છે.

કોઈપણ પ્રવૃતિ દરમ્યાન સફળતા માટે પુરુષાર્થ પર ધ્યાન કેન્દ્રિત કરવું. જો પરિણામ સકારાત્મક હોય તો સફળતા બીજા બધાની મદદથી મળી હતી તેમ વિચારવું પણ જો પરિણામ નકારાત્મક હોય તો તે મારા કર્મોનું પરિણામ છે અથવા મારા પ્રયત્નો પૂરતા ન હતા તેમ વિચારવું.

વ્યકિતની ઈચ્છા, દ્રઢ નિર્ણય અને પ્રગતિના પ્રયત્ન અબોધને (૧ લા ગુણસ્થાનથી) સાધુના સ્તર સુધી (૬ ઠ્ઠા ગુણસ્થાન) લઈ જાય છે.

**ઉપસંહાર :**

આપણને બધા પાંચ પરિબળોના મહત્વની ખબર હોવી જોઈએ. બધા પોતપોતાના સ્થાને મહત્વના છે,કોઈ એક ને જ મહત્વ આપવું ન જોઈએ અને બીજાને રદ્દબાતલ ન કરવા જોઈએ.

જૈન દર્શન પુરુષાર્થને વધારે મહત્વ આપે છે કારણકે ફકત એ જ આપણા કાબુમાં છે અને બીજા સમવાય પર ભવિષ્યમાં અસર કરી શકે છે. ફકત કર્મ કે નસીબ પર ભરોસો રાખીએ તો પ્રગતિ અશકય છે. પુરુષાર્થથી કર્મ ખરે છે અને આત્મા શુધ્ધ થાય છે. બધા પાંચ કારણોની માન્યતા જ અનેકાંતવાદને માનવાની શરૂઆત છે.

આ ઉપરાંત જૈન સમવાય ફિલસુફીમાં એક મુદ્દો મહત્વનો એ છે કે, ઈશ્વરની ઈચ્છા જેવું કશું નથી હોતું. દરેક ઘટના પાચેય સમવાયની એક બીજા પર થતી અસરના પરિણામ સ્વરૂપ છે.

## પાઠ : ૨૩ – કષાય

જીવનમાં સૌથી મહત્વનું કાંઈ હોય તો તે જીવ કે ચેતના છે. જેના વગર આપણું અસ્તિત્વ જ નથી. એમાં પણ સૌની અપેક્ષા છે 'સુખ' અને એ પણ શાશ્વત સુખ. આ સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે જૈન ધર્મ. એટલે જૈન ધર્મ એ સુખ પ્રાપ્ત કરવાનું વિજ્ઞાન છે.

તો પછી એ પણ વિચાર આવે કે મારા દુઃખનું કારણ શું છે ? તેનો સરળ જવાબ છે, આપણા કષાય. આ કષાય આપણા બધાજ દુઃખોના મૂળમાં છે.

'કષ' એટલે સંસાર અને 'આય' એટલે આવવું એટલે કે જેનાથી સંસાર વધે, જન્મ મરણના ફેરા વધે. મુખ્યત્વે ચાર કષાય છે – ક્રોધ, માન, માયા અને લોભ અને તેની ઉત્પતિના કારણો છે – રાગ અને દ્વેષ. એક રીતે જોતા દ્વેષની ઉત્પતિનું કારણ પણ રાગ છે, માટે જેને જીતવાનો છે તે છે'રાગ'. આને અનુલક્ષીને જૈન ધર્મને વિતરાગ ધર્મ પણ કહેવાય છે. અર્થાત જયાં રાગ રહીત થવાનું છે તે ધર્મ. અને આ જ કારણે તિર્થંકર ભગવંતો વિતરાગી કહેવાય છે. કષાય આપણા સૌથી મોટા દુશ્મન છે. જેનાથી આપણે ખોટી માન્યતાઓ અને અજ્ઞાન સાથે મોહમાં ફસાઈએ છીએ.

કષાયના ઉદયનું કારણ આપણું મોહનીય કર્મ છે અને જયારે કષાયનો ઉદય થાય ત્યારે ફરીવાર આપણે મોહનીય કર્મ બાંધીએ છીએ અને આ પ્રમાણે વિષ ચક્ર ચાલુ રહે છે. સમકિત વ્યકિત મોહનીય કર્મના ઉદય વખતે સમતાભાવમાં રહે છે, સંયમમાં રહે છે અને નવા મોહનીય કર્મને બાંધતો નથી આ કઠિન છે પણ અશકય નથી. અનંત જીવોએ આ પ્રમાણે સિધ્ધ ગતિ પ્રાપ્ત કરેલ છે. આપણા માટે પણ આ માર્ગ ખુલ્લો જ છે.

**કષાયના ૨૫ ભેદ**

**૧) અનંતાનુબંધી :** ક્રોધ, માન, માયા અને લોભ.
અનંતાનુબંધી : તીવ્ર રસવાળા, અતિ ઉગ્ર કષાય ભાવ. અનંત સંસારની વૃધ્ધિ કરનારા જીવન પર્યંત સાથે રહેવાવાળા, જન્માંતરે આવવાવાળા, જીવના સમ્યક્ત્વ રૂપી સ્વભાવને રોકવાવાળા, નરકગતિના કારણભૂત છે.

**૨) અપ્રત્યાખ્યાની :** ક્રોધ, માન, માયા અને લોભ.
પ્રથમ કષાય કરતા કંઈક મંદ રસવાળા, છતાં જીવને વ્રત, પચ્ચખાણ, કરવામાં અંતરાય કરાવાવાળા, એક વર્ષ સુધી સાથે રહેવાવાળા. દેશવિરતિ શ્રાવકના વ્રતાદિ ગુણને રોકવાવાળા, તિર્યંચ ગતિમાં લઈ જનાર.

3) પ્રત્યાખાની : ક્રોધ, માન, માયા અને લોભ.
બીજા પ્રકાર કરતા મંદ રસવાળા, જીવને સર્વવિરતિ – સર્વ પ્રકારે સંસારનો ત્યાગ – પ્રત્યાખ્યાનને બાધક થાય. ચાર માસ આ રસ રહે, છતાં મંદ કષાય હોવાથી મનુષ્યગતિમાં લઈ જાય.

**૪) સંજ્વલન :** ક્રોધ, માન, માયા, અને લોભ.
અતિશય મંદ રસવાળો કષાય છે. છતાં આ ચાર કષાયો જીવને પરિષહ ઉપસર્ગમાં વિહવળ બનાવે, શુધ્ધ ચારિત્રને રોકે, પંદર દિવસ ટકે, દેવગતિમાં લઈ જાય.

નોકષાય : કષાયને ઉત્પન્ન કરવામાં સહાયક. તેના નવ પ્રકાર છે:

૧. હાસ્ય : જેના ઉદયથી વ્યર્થ હસવું આવે.

૨. રતિ : જેના ઉદયથી મનગમતા પદાર્થો ઉપર રાગ થાય, હર્ષ થાય.

૩. અરતિ : જેના ઉદયથી અણગમતી વસ્તુમાં ખેદ થાય અથવા ધર્મમાં મન ન લાગે.

૪. શોક : જેના ઉદયથી ઈષ્ટ વસ્તુના વિયોગમાં શોક અને અનિષ્ટ વસ્તુના સંયોગમાં દુઃખ થાય.

૫. ભય : જેના ઉદયથી ભય ઉત્પન્ન થાય.

૬. જુગુપ્સા : જેના ઉદયથી મલિન-દુર્ગંધવાળા પદાર્થો જોઈ, સૂંઘી તિરસ્કાર થાય.

૭. પુરુષવેદ : જેના ઉદયથી સ્ત્રીના ભોગની ઈચ્છા થાય.

૮. સ્ત્રીવેદ : જેના ઉદયથી પુરુષના ભોગની ઈચ્છા થાય.

૯. નપુંસકવેદ : જેના ઉદયથી પુરુષ તથા સ્ત્રી બંનેના ભોગની ઈચ્છા થાય.

ચાર મુખ્ય કષાયમાં લોભ સૌથી વધારે ઘાતક છે. લોભ ન સંતોષાય ત્યારે ક્રોધ ઉત્પન્ન થાય છે અને સંતોષાય ત્યારે અહંકાર (માન) ઉત્પન્ન થાય છે અને આ બધા માટે માયાનો અથવા તો કપટનો સહારો લઈએ છીએ. નોકષાય સહાયક છે પણ સૂક્ષ્મ છે. તે દેખીતી રીતે એટલા ખરાબ નથી જણાતા પણ સૂક્ષ્મ હોવાથી કાઢવા અઘરા છે. આ ૨૫ કષાય એટલે ચારિત્ર મોહનીય કર્મની ૨૫ પ્રકૃતિ છે.

| કષાય અને તેનું સમાધાન | |
|---|---|
| ક્રોધ/ ગુસ્સો | ક્ષમા વિરસ્ય ભૂષણં |
| માન અથવા અહંકાર | નમ્રતા, મૃદુતા અથવા માર્જવ |
| માયા (કપટ) | સરળતા, પ્રમાણિકતા અથવા આર્જવ |
| લોભ | સંતોષો નર સદા સુખી |

| કષાયોથી શું અટકે અને શું મળે | | |
|---|---|---|
| કષાયનો પ્રકાર | આ કષાય હોય તો શું ન મળે | ગતિની શકયતા |
| અનંતાઅનુબંધી | સમકિત | નારકી |
| અપ્રત્યાખાની | દેશવિરતી | તીર્યંચ |
| પ્રત્યાખાની | સર્વવિરતી | મનુષ્ય |
| સંજ્વલન | સર્વજ્ઞતા | દેવ |

સમ્યક્ દર્શન પ્રાપ્તી માટે દર્શન મોહનીય કર્મની ત્રણ પ્રકૃતિ અને ૪ પ્રકારના અનંતાઅનુબંધી કષાયને ખેરવવા જરૂરી છે. જેનું આ સપ્તક (૩ +૪) ગયુ તેને સમયક્દર્શન પ્રાપ્ત થાય છે. સમ્યક્ દર્શન વગર ધર્મ પ્રયાણ અધુરુ છે. જે કષાયને જાણે તે ધર્મજ્ઞાન અને જે તેનાથી દૂર કરવાનો માર્ગ છે તે ધર્મમાર્ગ.

## પાઠ – ૨૪ – ૧૪ ગુણસ્થાન : આધ્યાત્મિક વિકાસના સ્તરો

અનાદિ કાળથી જીવ અજ્ઞાનવશ સંસારમાં પરિભ્રમણ કરે છે, અને જ્યાં સુધી તે અજ્ઞાનથી કે કર્મોના આવરણથી મુક્ત ન થાય, ત્યાં સુધી ચોરાશી લાખ જીવાયોનિમાં એને પરિભ્રમણ કરવાનું જ રહે છે. આ સંસારથી મુક્ત થવા માટે કર્મોના આવરણોને ક્રમશઃ નાશ કરવા એ જરૂરી છે. જેમ જેમ કર્મોના આવરણો ક્ષીણ થતા જાય, પાતળા થતા જાય, તેમ તેમ જીવ પોતાના સ્વરૂપમાં ઉજળો બનતો જાય છે. આ રીતે આત્મા ક્રમશઃ પ્રકાશમાં આવતો જાય છે, અને શુધ્ધ સ્વરૂપ – મુક્તાવસ્થાની નજીક પહોચતો જાય છે. તેની જૈન શાસ્ત્રકારોએ ચૌદ શ્રેણી બતાવી છે, તેને 'ગુણસ્થાનક' કહેવામાં આવે છે. ચૌદમાં ગુણસ્થાને પહોંચનારો જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે. ગુણસ્થાનને સમજવા આશ્રવના કારણો અને મોહનીય કર્મની સમજ ખૂબ જરૂરી છે. ચૌદ ગુણસ્થાનકના નામ આ પ્રમાણે છે :

૧) મિથ્યાત્વ

૨) સાસાદન

૩) મિશ્ર

૪) અવિરતી સમ્યક્દ્રિષ્ટ

૫) દેશશિવરતી સમ્યક્દ્રિષ્ટ

૬) પ્રમત્તવિરતિ (સમ્યક્દ્રષ્ટિ, સર્વવિરતી પ્રમત)

૭) અપ્રમત્તસંયત (સમ્યક્દ્રષ્ટિ, સર્વવિરતી અપ્રમત)

૮) અપૂર્વકરણ

૯) અનિવૃત્તિકરણ

૧૦) સૂક્ષ્મ સંપરાય

૧૧) ઉપશાન્ત મોહ

૧૨) ક્ષીણ મોહ

૧૩) સયોગી કેવલી

૧૪) અયોગી કેવલી

**૧) મિથ્યાદ્રષ્ટિ :**

મિથ્યાત્વ ગુણસ્થાન. જીવ અનાદિ કાળથી અધોગતિમાં પડેલો છે. એ અધોગતિ કે જયાં જીવનનો જરા પણ વિકાસ નથી, એવા સ્થાનને જૈન શાસ્ત્રકારોએ 'નિગોદ' ના નામથી ઓળખાવ્યું છે. યોગાનુયોગ આ સૂક્ષ્મનિગોદનો જીવ વિકાસ પામે છે, આગળની ગતિમાં જાય છે, છતાં એ જીવ

મિથ્યાદ્રષ્ટિ ગુણસ્થાનકમાં ગણાય છે. મિથ્યાદ્રષ્ટિ એટલે અંધકારમય જીવન. વસ્તુના યર્થાથ જ્ઞાનનો અભાવ એનું નામ મિથ્યાદ્રષ્ટિ છે. નિગોદના અંધકારમય જીવનની અપેક્ષાએ કંઈક ચેતનાશકિતનો વિકાસ હોવાને કારણે મિથ્યાદ્રષ્ટિને પણ ગુણસ્થાનક કહેવામાં આવ્યું છે. અહીંથી આત્માના જીવનનો વિકાસ શરૂ થાય છે છતાં આ પ્રથમ ગુણસ્થાનકમાં રહેલો જીવ, અધર્મને ધર્મ અને ધર્મને અધર્મ સમજે છે, ઉન્માર્ગને સન્માર્ગ અને સન્માર્ગને ઉન્માર્ગ સમજે છે. જીવને અજીવ અને અજીવને જીવ સમજે છે, અસાધુને સાધુ અને સાધુને અસાધુ સમજે છે. અમૂર્ત પદાર્થમાં મૂર્ત સંજ્ઞા અને મૂર્ત પદાર્થમાં અમૂર્ત સંજ્ઞા માને છે. અર્થાત આવું વિપરીત જ્ઞાન એ આ સ્થાનમાં રહેલા જીવનાં લક્ષણો છે. સમ્યક્દ્રષ્ટિ રહિત સર્વ આત્મા મિથ્યાદ્રષ્ટિ છે. આ જીવ અહીંથી સીધો ૩ જાકે ૪થા ગુણસ્થાને જાય છે પરંતુ જો ક્ષાપિક સમકિત પામે તો ૪ થે ગુણસ્થાને જાય. ૧ થી ૪ ઈન્દ્રિયોના જીવો આ ગુણસ્થાનથી આગળ ન જાય.

**૨) સાસાદન ગુણસ્થાનક :**

સ + આસાદન, આસાદન શબ્દનો અર્થ છે આસ્વાદન અર્થાત જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ એટલે કે ૪ થા ગુણસ્થાનક પર પહોંચ્યા પછી મોહનીય કર્મની ગ્રંથિના જોરે પ્રમાદવશ પાછો વળે છે, ત્યારે આ અવસ્થાને સ્પર્શે છે. પરંતુ અગાઉ આત્મભૂતિનો સ્વાદ ચાખ્યો છે તેથી તેને સાસાદન કહે છે. અથવા ઉચ્ચ અવસ્થાનો આસ્વાદ લીધેલો છે; તેથી આ ગુણસ્થાનકનું નામ સાસાદન-સાસ્વાદન રાખવામાં આવ્યું છે. જીવ અહીંયાથી અંતર્મુહુર્ત સમયમાં પહેલા ગુણસ્થાન પર જાય છે.

**૩) મિશ્ર ગુણસ્થાનક :**

આ સ્થાનકમાં રહેલા જીવની સ્થિતી વિચિત્ર હોય છે. વિચિત્ર એટલા માટે કે સત્ય પદાર્થ કે અસત્ય પદાર્થ બંનેમાં તેનો સમાન ભાવ હોય છે. એટલે સત્ય તરફ તેને ન તો રુચી હોય છે અને ન અસત્ય તરફ અરુચિ હોય છે. જે માણસે એક વસ્તુનો અનુભવ કર્યો હોય પરંતુ બીજી વસ્તુ તેને નથી શ્રધ્ધા કે નથી અશ્રધ્ધા. તેવી જ રીતે મિશ્ર ગુણસ્થાનકવાળો જીવ સત્ય કે અસત્ય બંને વસ્તુ ઉપર એને શ્રધ્ધા હોતી નથી. એટલે તે પોતાના હિતાહિતનો દૃઢ નિર્ણય કરી શકતો નથી, છતા એક વખત જો જીવ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરી ચૂકેલો હોય છે એટલે તેના ભવભ્રમણનો કાળ નિશ્ચિત થઈ જાય છે. આ ગુણસ્થાનમાં જીવ ૧ લા અને ૪ થા ગુણસ્થાન વચ્ચે ઝોલા ખાય છે. તેનો કાળ પણ અંતર્મુહુર્ત છે.

**૪) અવિરતી સમ્યક્દ્રષ્ટિ :(ઉપશમ સમ્યકત્વ અથવા ક્ષાયિક સમ્યકત્વ હોય પણ ચારિત્ર અથવા વ્રત પચ્ચખાણ ન હોય.**

વ્રતરહિત સમકિતની અવસ્થા. અ=નહિ. વિરતી એટલે વ્રત-ત્યાગ-નિયમ. ગૃહસ્થ અને સાધુઓને માટે દેશ-વિરતી અને સર્વવિરતી એવા અનુક્રમે બે ભેદ બતાવ્યા છે. વિરતીનો સ્વીકાર કર્યા પહેલા, જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તે જીવ આ ગુણસ્થાનકમાં ગણાય છે. આ સ્થિતિમાં રહેલા જીવને ભલે વ્રતાદિ હોતા નથી, પણ તત્વ સંબંધી શંકાને સ્થાન રહેલું નથી. સમ્યક્દ્રષ્ટિએ

મોક્ષપ્રાપ્તિ માટે પહેલું પગથિયું છે. સમકિત વિનાનાં સર્વ ધર્માનુષ્ઠાનો પ્રાયઃ નિષ્ફળ બને છે, મોક્ષ મૂલક બનતા નથી. ત્યાગ પચ્ચખાણ રહિત આ ગુણસ્થાન છે. દર્શન મોહનીય કર્મ ૪ અનંતા અનુબંધી કષાયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય છે. આ જીવ ભવ્ય છે અને કયારેક તો મોક્ષ પ્રાપ્ત કરશે જ. પુરુષાર્થ પ્રમાણે તે આગળ જાય અથવા પાછો પડે. આ ગુણસ્થાન ઉપરના ગુણસ્થાન જવાની પૂર્વ તૈયારી છે પણ હજી વ્રતનો અભાવ છે. જીવ પ્રથમવાર સમ્યક્ત્વને પામે ત્યારે તે ઉપશમ સમયક્ત્વને પામે છે જો કે આ વિષયે મતમતાંતર છે. નારકી અને દેવ ૪થા ગુણસ્થાનથી આગળ વધી સકતા નથી.

### ૫) દેશવિરતી સમ્યક્દ્રષ્ટિ :

ગૃહસ્થ ધર્મના વ્રતોનો સ્વીકાર અને શુધ્ધ રીતે પાલન કરનાર જીવ દેશવિરતી ગુણસ્થાનકવાળો ગણાય છે, પણ તે સમ્યક્ત્વપૂર્વ હોય તો. અમુક અંશોમાં વ્રતોનું ગ્રહણ એનું નામ છે દેશવિરતી ગુણસ્થાનક, જેમાં ૧૨ વ્રત તથા અણુવ્રત શ્રાવકને હોય છે. દર્શન મોહનીય કર્મ, અનંતાઅનુબંધી અને અપ્રત્યાખાની કષાયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ વધારેમાં વધારે આ ગુણસ્થાન સુધી પહોંચી શકે છે.

### ૬) સર્વવિરતી પ્રમત્ત ગુણસ્થાનક : (સમ્યક્ દ્રષ્ટિ – સર્વવિરતી)

આ ગુણસ્થાનક સાધુને હોય છે, કે જેઓએ પાંચ મહાવ્રત સ્વીકાર કરેલા હોવા છતાં, પ્રમાદથી સર્વથા મુકત નથી હોતા. પ્રમાદમાં રહેલો જીવ આર્તધ્યાન અને ધર્મધ્યાન પૈકી આર્તધ્યાનની તેનામાં મુખ્યતા હોય છે, અને તે જ એનો પ્રમાદ છે. ઉત્તરાધ્યાન સૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીએ પોતાના પ્રધાન શિષ્ય ગૌતમસ્વામીને સંબોધી સમસ્ત સાધુઓને પ્રમાદથી દૂર રહેવાનો ઉપદેશ કર્યો છે, તે એટલા જ માટે. જો કે આ પ્રમાદ મુખ્યત્વે પરભાવ પરઅવલંબન સંબંધી હોવા છતાં ધર્મભાવના ચુકત શુભ ભાવ છે. સર્વસંગ પરિત્યાગી સાધુતા અહીંથી શરૂ થાય છે. આ ગુણસ્થાનમાં પ્રત્યાખાની કષાયોનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય છે.

### ૭)અપ્રમત્ત ગુણસ્થાનક :

પ્રમાદમાંથી અપ્રમાદ અવસ્થામાં પાંચ મહાવ્રતધારી સાધુ જેટલો સમય આવી જાય, તે સમય માટે તે અપ્રમત્ત ગુણસ્થાનકવાળો કહેવાય છે. શુધ્ધ ઉપયોગની અવસ્થા છે. આત્મ અનુભવની પ્રચુરતા આ ગુણસ્થાનકે હોય છે.

### ૮) અપૂર્વકરણ ગુણસ્થાનક :

‘કરણ’ શબ્દનો અર્થ છેઆત્માના અધ્યવસાય પરિણામ. આઠ પ્રકારના કર્મમાં મુખ્ય મોહનીયકર્મ બતાવવામાં આવ્યું છે. આ મોહનીય કર્મનો ક્ષય અથવા ઉપશમ કરવાનો આત્માનો અપૂર્વ અધ્યવસાય જયારે થાય ત્યારે આ ગુણસ્થાનક પ્રાપ્ત થયું કહેવાય છે. ‘ક્ષય’નો અર્થ નાશ છે અને ઉપશમ તેને કહેવામાં આવે છેકે કર્મની સત્તા વિધમાન હોવા છતાં તે દબાયેલ–ઢંકાયેલ રહે. આ

ગુણસ્થાનથી મુનિ (ઉપશમ કે ક્ષપક) શ્રેણી માંડે છે.

**૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાનક :**

અપૂર્વકરણમાં બતાવેલા અધ્યવસાય કરતાં કંઈક વધારે સ્પષ્ટ ઉજ્જવલ આત્માના પરિણામ થાય છે કે જેથી કર્મોનો ક્ષય યા ઉપશમ તીવ્ર પણે થવા લાગે છે. અનિવૃત્તિકરણનો અર્થ મોહનીય કર્મની મુખ્યત્વે પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય થાય છે.

**૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક :**

સંપરાય શબ્દનો અર્થ જૈન દ્રષ્ટિએ ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાય છે. મોહનીય કર્મનો અહીં ક્ષય અથવા ઉપશમ થતાં બહુ જ અલ્પાંશે લોભ કષાય રહી જાય, તે વખતની સ્થિતીમાં આ ગુણસ્થાનક પ્રાપ્ત થયું કહેવાય. અહીં ગુણશ્રેણી નિર્જરા હોય છે. આ ગુણસ્થાનના અંતમાં જીવ સુક્ષ્મ લોભ કષાયનો સંપૂર્ણ ઉપશમ કરે તો ૧૧ મા અને ક્ષય કરે તો ૧૨માં ગુણસ્થાને જાય.

**૧૧) ઉપશાન્તમોહ ગુણસ્થાનક :**

ઉપશમશ્રેણીવાળા જીવને પૂર્વ ગુણસ્થાનકોમાં મોહનો ઉપશમ શરૂ થાય છે, પછી તે જયારે પૂર્ણતયા મોહનીય કર્મ ઉપશાન્ત બને અર્થાત મોહનીય કર્મને સર્વથા ઢાંકી દે ત્યારે આ ગુણસ્થાનક પ્રાપ્ત થયું કહેવાય. છતાં ઉપશમ શ્રેણી હોવાથી આ ગુણસ્થાને લોભનો ઉદય થતાં જીવ નિયમથી નીચે એટલે પ્રથમ ગુણસ્થાનક સુધી પડી શકે અથવા વચ્ચેના કોઈપણ ગુણસ્થાનક પર અટકીને ઉપર જઈ શકે. કોઈ જીવ ચોથા ગુણસ્થાનથી ઉપર ચઢી ક્ષપકશ્રેણી માંડી તરી જાય છે.

**૧૨) ક્ષીણમોહ ગુણસ્થાનક :**

ક્ષપક શ્રેણીએ મોહને ક્ષીણ કરવાની ક્રિયા ચાલુ હતી, તે મોહનો સંપૂર્ણ ક્ષય કરી નાખવામાં આવે ત્યારે આ ગુણસ્થાન પ્રાપ્ત થયું કહેવાય.

ઉપશાન્ત અને ક્ષય માં અંતર એ છે કે, ઉપશાંતમાં કર્મના પુદ્ગલો કોઈ કારણવશ દબાયેલા-ઢંકાયેલા રહે છે, પરંતુ તે કર્મ વિદ્યમાન હોવાથી ગમે ત્યારે પણ ઉદયમાં આવી જાય છે, ઉપર ઊઠી આવે છે. જો કર્મના પુદ્ગલો ક્ષય થવા માંડે તો તેનો પછી ઉદય થવાની સંભાવના નથી રહેતી. પાણીમાં મિશ્રિત ધૂળનાં રજકણો નીચે બેસી જાય તે વખતે પાણી સ્વચ્છ લાગે પરંતુ પાણીને જરા પણ આઘાત પહોંચતા તે રજકણો ઉપર તરી આવે છે, અને પાણીને ડોળી નાખે છે. પણ પાણીમાંથી જો રજકણો સર્વથા દૂર કર્યા હોય તો પછી પાણી ડોળું થવાનો અવકાશ નથી. આવી જ સ્થિતિ મોહનીય કર્મના ઉપશમ અને ક્ષયની છે. મોહનીય કર્મને ઉપશાન્ત કરી આગળ વધતો જીવ અગિયારમાં ગુણસ્થાનકથી લપસે છે; અને અન્ય ગુણસ્થાનકમાં જાય છે. બારમાં ગુણસ્થાને તે કર્મનો ક્ષય હોય છે, તેથી જીવ આગળ વધી તેરમા ગુણસ્થાને આવે છે. ૧૨માં ગુણસ્થાનના અંતે બાકી ત્રણ ઘાતી કર્મ

જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય અને અંતરાયકર્મનો ક્ષય થાય છે.

**૧૩) સયોગી કેવલી ગુણસ્થાનક :**

યોગનો અર્થ છે શરીરાદિની ક્રિયા. કર્મના પ્રકરણમાં ચાર પ્રકારના ઘાતીકર્મ અને ચાર પ્રકારના અઘાતીકર્મ બતાવ્યા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતી કર્મનો ક્ષય થવાથી જીવને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. પરંતુ હજુ શરીર છે, એટલે શરીર સંબંધિત યોગ વિદ્યમાન હોવાથી ગમનાગમન આદિ ક્રિયાઓ ચાલુ હોય છે. એટલા માટે આ ગુણસ્થાનકને સયોગી ગુણસ્થાનક કહેવામાં આવ્યું છે. આ ગુણસ્થાને ઉદય ૪ અઘાતી કર્મનો હોય પણ બંધ ફક્ત વેદનીય કર્મનો હોય અને તે પણ બે સમયનો અર્થાત ૧ સમયે બંધ થાય, ૨ જા સમયે ઉદય અને ૩ જા સમયે ખરી જાય છે.

**૧૪) અયોગી કેવલી ગુણસ્થાનક :**

બાકી રહેલા નામ, ગોત્ર, આયુષ્ય અને વેદનીય કર્મના ક્ષયના અંતિમ સમયે સમસ્ત ક્રિયાઓ બંધ થઈ જાય છે, યોગ નિરોધ થાય છે અને આત્મા ઉત્કૃષ્ટ નિષ્કંપ દશાની સ્થિતિએ પહોંચે છે. આ અવસ્થાને અયોગી કેવલી ગુણસ્થાન કહેવામાં આવે છે.

ત્યાર પછી જીવ સિધ્ધ અવસ્થાને પામે છે, અને લોકાગ્રે સિધ્ધશીલા પર અનંતકાળ સુધી આત્મરમણતાના સુખમાં લીન રહે છે.

# ગુણસ્થાન વિશે સરળ સમજણ

## આધ્યાત્મિક પ્રગતિનું માપ

**નોંધ : ગુણસ્થાનને સમજવા માટે કર્મ બંધના કારણો જાણવા આવશ્યક છે જે નીચે મુજબ છે.**

| ગુણસ્થાન ના નામ | મિથ્યાત્વ | ચારિત્ર મોહનીય | અવિરતી | પ્રમાદ | યોગ |
|---|---|---|---|---|---|
| | ૩ પ્રકારના<br>દર્શન મોહનીય કર્મ | ૪ પ્રકારના કષાય<br>ક્રોધ,માન,માયા,લોભ<br>* ૪ પેટા પ્રકાર<br>અનંતાનુંબંધી,અપ્રત્યાખ્યાની,પ્રત્યાખાની<br>અને સંજવલન<br>= ૧૬<br>+ ૯ નોકષાય<br>હાસ્ય,રતિ,અરતિ,<br>શોક, ભય, જુગુપ્સા,પુરુષ વેદ, સ્ત્રીવેદ, નપુસંક વેદ<br>કુલ ૨૫ | પાંચ મહાવ્રત<br>તેમજ<br>૧૨ શ્રાવકાચારને<br>લગતા વ્રત નથી.<br>પચ્ચખાણ લેતા<br>નથી. | ૫ પ્રકાર<br>મદ,વિષય,<br>કષાય,<br>નિંદા<br>વિકથા | ૩ પ્રકાર<br>મન,વચન,<br>કાયાની<br>ક્રિયા<br>૧૩મા<br>ગુણસ્થાન સુધી<br>રહે છે |

| | | અનંતાનું બંધી | અપ્રત્યાખાની | પ્રત્યાખાની | સંજાવલ | નોકષાય | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧)મિથ્યાત્વ | છે | છે | છે | છે | છે | છે | છે | છે |
| ૨)સાસદાન | છે +નથી | છે | છે | છે | છે | છે | છે | છે |
| ૩)મિશ્ર | છે +નથી | નથી | છે | છે | છે | છે | છે | છે |
| ૪)સમકિત અવિરતી પ્રમત | નથી | નથી | છે | છે | છે | ક્રમશ ઓછા થાય છે | છે | છે |
| ૫)સમ્યક્ દ્રષ્ટિ પ્રમત | - | - | નથી | છે | ક્રમશઃ ઓછા થાય છે | ક્રમશઃ ઓછા થાય છે | દેશ વિરતીવ્રત | છે |
| ૬) સમકિત સર્વ વિરતી પ્રમત | - | - | - | નથી | ક્રમશઃ ઓછા થાય છે | ક્રમશઃ ઓછા થાય છે | સર્વ વિરતી | છે |
| ૭) સમકિત સર્વવિરતી અપ્રમત | - | - | - | - | ક્રમશઃ ઓછા થાય છે | ક્રમશઃ ઓછા થાય છે | સર્વવિરતી | પ્રમાદ નથી |
| ૮) અપૂર્વ કરણ | આત્મા એ અનુભવે છે જે કયારેય અનુભવ્યું નથી.અહીથી આત્મા શ્રેણી ચડે છે ક્ષય અથવા ઉપશમ | | | | | | | |

| ક્ષપક શ્રેણી | ઉપશમ શ્રેણી |
|---|---|
| ૯) બાદર સંપરાય: બાદર કર્મરજ રહે છે | ૯)બાદર સંપરાય : ઉપશમ બાદર કર્મ રજનો |
| ૧૦) સૂક્ષ્મ સંપરાય : ફકત સૂક્ષ્મ કર્મ રજ રહે છે | ૧૦)સૂક્ષ્મ સંપરાય : ઉપશમ સૂક્ષ્મ કર્મ રજનો |
| ૧૨) ક્ષીણ મોહ : મોહનીય કર્મનો સર્વથા નાશ. બાકી રહેલા ત્રણ ઘાતી કર્મનો નાશ થાય છે | ૧૧) ઉપશાંત મોહ : જે ઉપશમ શ્રેણી ચડે જેના બધા કર્મો ઉપશમ થઈ શાંત થઈ ગયા છે, નાશ નથી પામ્યા, શકે. આ જીવ નીચે પાછો પડે જ અને કોઈપણ ગુણસ્થાનમાં અટકે છેક ગુણસ્થાન ૧લા સ્તર સુધી પાછો પડી |
| ૧૩) સયોગી કેવલી : નિર્વાણ સુધી સર્વજ્ઞ (સર્વ ઘાતી કર્મનો નાશ) | |
| ૧૪) અયોગી કેવલી: જીવનનો અંત, નિર્વાણના થોડો સમય પહેલાની અવસ્થા | |

## ગુણસ્થાનકનો કાળ

| ગુણસ્થાન | નામ | જઘન્ય કાળ | ઉત્કૃષ્ટ કાળ |
|---|---|---|---|
| ૧ | મિથ્યાત્વ<br>અભવ્ય અને જાતિભવ્ય<br>ભવ્ય | અનાદિ-અનંત<br>અનાદિ સાંત | અનાદિ-અનંત<br>અનાદિ સાંત |
| ૨ | સાસ્વાદન | ૧ સમય | ૬ અવલિકા |
| ૩ | મિશ્ર | અંતર્મુહુર્ત | અંતર્મુહુર્ત |
| ૪ | અવિરત સમ્યક્દ્રષ્ટિ | અંતર્મુહુર્ત | સાધિક ૩૩ સાગરોપમ |
| ૫ | દેશવિરતી | અંતર્મુહુર્ત | દેશોન પૂર્વ કોટિ |
| ૬ | સર્વવિરતી પ્રમત્ત | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૭ | અપ્રમત્ત સંયત | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૮ | અપૂર્વકરણ | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૯ | અનિવૃત્તિ બાદર સંપરાય | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાય | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૧૧ | ઉપશાંત મોહ | ૧ સમય | અંતર્મુહુર્ત |
| ૧૨ | ક્ષીણ મોહ | અંતર્મુહુર્ત | અંતર્મુહુર્ત |
| ૧૩ | સયોગી કેવલી | અંતર્મુહુર્ત | દેશોનપૂર્વ કોટિ |
| ૧૪ | અયોગી કેવલી | પાંચ હસ્વાક્ષર | પાંચ હસ્વાક્ષર |